# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ.મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/પ૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4779 - 7 તારીખ : 17-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

અતુલ જેરામ નારિયા

૧૬/૧૨, વૃંદાવન પાર્ક -૨, રણજીત સાગર રોડ, ,

મું. પો. : જામનગર, તા. : જામનગર, જી. : જામનગર,

પીન કોડ. : ૩૬૧૦૦૫

મોબાઇલ : ૯૮૭૯૪૪૨૦૭૦

વિષય : શહેરી વિસ્તારમાં JGY કેટેગરી નો પાવર આપી ગ્રાહકો ને અસુવિધા આપવા બાબત ..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૦-૦૬-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : પ૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જામનગર શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, નગરસીમ જામનગર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/ક્વા-૧/૧૯-૨૦/** ૫૭૭૧-૭ તા. ૧૭-૭-૧૯

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ-(CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૬/ક્વા-૧/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | અતુલભાઈ જેરામભાઈ નારિયા ગામ: જામનગર |
| રજૂઆત કરનાર: | અરજદાર અતુલભાઈ જેરામભાઈ નારિયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર શહેર-૨ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રીમતી એમ. આર. વૈષ્ણવ વિભાગીય કચેરી – જામનગર શહેર-૨ |

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી |
| તારીખ: | ૦૯-૦૭-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અતુલ જેરામ નારિયા ગામ -જામનગર, તેઓની અરજીના નોંધણી નં: ૫૬/ક્વા-૧/૧૯-૨૦. માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. ૬૦૮૫૧/૦૫૮૩૭/૦ થી આરજીપીયુ ટેરીફ થી ધરાવે છે. સદર વિસ્તાર શહેરી વિસ્તારમાં સમાવેશ થયેલ છે, તેમજ મહાનગર પાલીકાના વિવિધ વેરા ચુકવીએ છીએ, તેમ છતા – પીજીવીસીએલ દ્રારા વૃંદાવન પાર્ક, મંગલદીપ અને આર્શીવાદ વિસ્તારમાં કુદરત જેજીવાય ફીડરમાથી પાવર સપ્લાય આપવામા આવે છે. સદર ફીડરમાં પાવર સપ્લાય ની સાતત્યતા ખૂબજ નબળી હોવાથી ગ્રાહકોને પારાવાર નુકશાની નો સામનો કરવો પડે છે. તેમજ પીજીવીસીએલ દ્રારા સદર વિસ્તારનો ટીએન્ડી લોસ છુપાવવા માટે – સદર વિસ્તારમાં જેજીવાય કેટેગરીમાથી પાવર આપવામા આવે છે. કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી આઈપીડીએસ યોજનાનો લાભ શહેરી વિસ્તાર માટે હોય – જેના લાભોથી વંચિત રખાયેલ છે. આમ, અરજદારે તેઓનો વિસ્તાર શહેરી વિસ્તારમાં હોય, ફીડર ની કેટેગરી અર્બન કરવી અને જેજીવાય કેટેગરી રાખવી હોય તો – આરજીપીઆર ટેરીફનુ બીલ આપવુ, તથા અત્યાર સુધી વસુલેલ બીલ ની રકમ – જમા આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી અતુલ જેરામ નારીયા દ્વારા ફોરમ સમક્ષ તા. ૨૦.૦૬.૧૯ ના રોજ ફરિયાદ અરજી કરેલ છે. જેના કેઇસ નંબર ૫૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ અપાયેલ છે. સદર ફરિયાદનો અહેવાલ નીચે મુજબ છે.**

3.૧ **અરજદાર શ્રી અતુલ જેરામ નારીયા, ગ્રાહક નંબર ૬૦૮૫૧/૦૫૮૩૭/૦ થી ૧૬/૧૨ વૃંદાવન પાર્ક-૨, રણજીતસાગર રોડ જામનગર ખાતે ૦.૫ કિ.વો. લોડનું રહેણાંક હેતુનું RGPU ટેરીફ હેઠળનું વિજ જોડાણ ધરાવે છે. નગરસીમ પેટા વિભાગીય કચેરી તા.૦૧.૦૪.૨૦૧૫ થી કાર્યરત થયેલ છે, જે સાત રસ્તા (ગ્રામ્ય) તથા હાપા પેટા વિભાગીય કચેરીમાંથી વિભાજીત થયેલ હતી. સદર સમયે ઉપરોકત બન્ને કચેરીઓના રહણાંક હેતુ ગ્રાહકોનું બીલીંગ RGPU ટેરીફ હેઠળ થતુ હતું, જે નવા વિભાજીત થયેલ નગરસીમ પેટા વિભાગમાં યથાવત રાખવામાં આવેલ હતા. પીજીવીસીએલનાં ટેરીફ શેડયુલ અનુસાર ગ્રામ પંચાયત હેઠળ આવતા વિસ્તારના રહેણાંક હેતુના વિજ ગ્રાહકોનું બીલીંગ RGPR ટેરીફ હેઠળ કરવામાં આવે છે તથા અન્ય વિસ્તારમાં આવતા રહેણાંક હેતુના વિજ ગ્રાહકોનું બીલીંગ RGPU ટેરીફ હેઠળ કરવામાં આવે છે.**

3.૨ **અરજદારનાં ઉપરોકત દર્શાવિલ રહેણાંકના સરનામાવાળા સ્થળ ઉપર અત્રેની કચેરી દ્વારા ૧૧ કે.વી. કુદરત જેજીવાય ફીડરમાંથી ૨૪ કલાક વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. ૧૧ કે.વી. કુદરત જેજીવાય ફીડરનાં છેલ્લા ત્રણ મહિના એટલે કે એપ્રિલ-૧૯ થી જુન-૧૯ નો વિજ વિક્ષેપ અંગેનો રીપોર્ટ નીચે મુજબ છેઃ**

| MONTH | T.T. | P.F. | | ESD & PSD | |
|---|---|---|---|---|---|
| | NO. | NO. | DURATION | NO. | DURATION |
| APRIL-19 | 2 | 6 | 1:50 | 5 | 7:00 |
| MAY-19 | 1 | 12 | 2:55 | 8 | 16:35 |
| JUNE-19 | 0 | 27 | 11:10 | 5 | 5:20 |

**ઉપરોકત જુન-૧૯ મહિનાનાં વધુ વિજ વિક્ષેપ તા.૧૨.૦૬.૧૯ ના આવેલ "વાયુ" વાવાઝોડા સમયનો હોય, જેના કારણે તે સમયગાળા દરમિયાન વધુ સમય માટે વિજ વિક્ષેપ થયો છે. નગરસીમ પેટા વિભાગ કચેરી હેઠળ આવતા દરેક ફીડરમાં વિજ પુરવઠો સાતત્યપૂર્ણ જળવાઇ રહે તે માટે કંપનીનાં નિયમો અનુસાર સમયાંતરે જરૂરી મેન્ટેનન્સ કામગીરી કરવામાં આવે છે.**

3.3 **આમ, સદર કેસમાં અરજદારનું વિજજોડાણ ઘણાં વર્ષથી જેજીવાય ફીડરમાં જ આવેલ છે. નગરસીમ પેટા વિભાગ દ્વારા વીજ પુરવઠાની સાતત્યતા જળવાઇ રહે તે માટે પીજીવીસીએલ કંપનીનાં નિયમો અનુસાર સમયાંતરે જરૂરી મેન્ટેનન્સ કામગીરી પણ કરવામાં આવે છે. બીજું, વીજ વપરાશ કરતા ગ્રાહકોનું બિલીંગ ગ્રાહકનું વિજજોડાણ કયા વિસ્તારમાં આવેલ છે અને તે વિસ્તારનું કાર્યક્ષેત્ર અને તેની વસ્તીના આધારે કરવામાં આવે છે (એટલે કે ગ્રામ્ય કે શહેરી વિસ્તાર) નહીકે તેઓને અપાતી વીજળીના ફીડરના આધારે.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર અતુલ જેરામ નારિયા ગામ -જામનગર. તેઓની અરજીના નોંધણી નં: ૫૬/ક્વા-૧/૧૯-૨૦. માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. ૬૦૮૫૧/૦૫૮૩૭/૦ થી આરજીપીયુ ટેરીફ થી ધરાવે છેતાર શહેરી વિસ્તારમાં મહાનગર પાલીકાના ની હદમાં ધરાવે છે.

૪.૨ અરજદાર ની રજુઆત મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે પાવર સપ્લાય ની સાતત્યતા અત્યંત નબળી છે, જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ મુદદા નં.૩.૨ મુજબ ની વિગતે – સદર અરજદાર ના વિસ્તારને ૧૧ કેવી કુદરત

જેજીવાય ફીડરમાથી વીજપુરવઠો પુરો પાડવામા આવે છે. જેમા મુખ્યત્વે માહે મે–૧૯ અને માાહે જુન–૧૯ માં મહતમ વિજવિક્ષેપ નોંધાયેલ છે. જે અનુસંધાને – સદર ૧૧ કેવી કુદરત જેજીવાય ફીડરના ગ્રાહકોને ગુણવતાસભર તેમજ સાતત્યપણે વિજ પુરવઠો મળી રહે, તે માટે સદર ફીડરમાં માસ મેન્ટેનન્સ માટે આગવુ આયોજન કરીને વધુમાં વધુ કોન્ટ્રાકટર ની ટીમો દ્વારા ઈજનેરોના સતત માર્ગદર્શન હેઠળ વીજ–સલામતી ના નિયમોનુ ચુસ્તપણે પાલન કરી– અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિવસ–૬૦ માં પૂર્ણ કરવા સામેવાળાને સુચના આપવામા આવે છે. અરજદાર નો વિસ્તાર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ હોય – જેથી, અરજદાર ની RGPU ટેરીફ ને બદલે RGPR ટેરીફમા તબ્દીલ કરવાની રજુઆત માન્ય રાખવામા આવતી નથી.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot